**IN THE COURT OF PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C., AT MAHEMDAVAD, DIST.–KHEDA.**

## :: આંક–૦૫ લગત હુકમ ::

(૧) વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે કાયમી મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે. સદર દાવાના કામે વાદીએ પ્રતિવાદીઓ સામે હાલની કામ ચલાઉ મનાઈ હુકમની અરજી આપેલ છે. સદર અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી ગુજરનાર શીવાભાઇ ઐતાભાઇ ચૌહાણના વારસાદારો છે જ્યારે આ કામના પ્રતિવાદી પણ વાદીના ભાઇ થાય છે. પક્ષકારો મૂળ શીવાભાઇ ઐતાજી ચૌહાણના વારસો થતા હોઈ વાદી–૧ ના પિતા ગુજરનાર શીવાભાઇ ઐતાજી ચૌહાણની મોજે ગામ ઘોડાસર તા.મહેમદાવાદ જી.ખેડાની સીમમાં જુદી જુદી બ્લોક/સર્વે નં. વાળી જમીનો આવેલી હતી અને સદર સર્વે નં.વાળી જમીનોની વહેંચણી કરવામાં આવેલી હતી. જે વહેંચણી વાદીના પિતા તથા પ્રા.વાદી–૧ ના પિતા થતા હોય તેઓએ તેમના જીવતા જીવે તેમના કોઇ વારસદારો લડી મરે નહી અને તેમના કુટુંબમાં સંપ અને શાંતી સ્થપાઇ રહે અને કુટુંબમાં કોઇપણ જાતનો કજીયા કંકાશ ન થાય તથા સંયુકત કુટુંબની ભાવનાથી ગુજરનાર શીવાજી ઐતાજીનાઓએ તા.૨૭/૧/૮૯ ના દિવસે રજી. વીલ કરીને તમામ વારસદારોને જમીનો વીલથી વહેંચણી કરી આપેલી અને વીલ ગુજરનાર શીવાજી ઐતાજી ચૌહાણે કરેલ વીલના આધારે વાદીના પિતાએ મોજે ગામ ઘોડાસરની સીમની બ્લોક/સર્વે નં.૧૬૧ ખાતા નં.૫૨૭ વાળી જમીનનું વીલ કરી આપેલ છે. સદર ગુજરનાર શીવાજી ઐતાજી ચૌહાણનાઓએ કરી આપેલ રજીસ્ટર વીલનો વાદીઓને વીલથી મળેલ જમીનમાં નોંધ પાડવામાં આવેલ અને જે નોંધ નં.૫૮૪૨ થી વાદી નામ હિરાબેન શીવાભાઇ ચૌહાણનું નામ જમીનના રેવન્યુ રેકર્ડમાં માલીક તરીકે દાખલ થયેલું અને જમીનના માલીક થયેલ અને સદર જમીનના વહેચણી પ્રમાણે સ્થળ ઉપર કબજો થયેલો અને વાદીઓએ સદર જમીન ઉપરોકત ૧૬૧ વાળી જમીનમાં અને સદર જમીનમાંથી વાદીઓ ખેતી કરી ઉપજ લેતા આવેલા છે અને ત્યાં વાદી વસવાટ કરતા હોઇ તેમના પાકા મકાનો તથા ઢોર ઢાંખર આવેલ છે. સદર બ્લોક/સર્વે નં.૧૬૧ વાળી જમીન જેનો ખાતા નં.૫૨૭ છે જેનું ક્ષેત્રફળ ૦–૭૩–૮૬

હે.આરે. જેનો આકાર ૩.૧૯ પૈસાવાળી જમીન જેના ખૂંટ વર્ણન નીચે મુજબ છે.

પૂર્વે :– મરઘાભાઈ ભીખાભાઈની જમીન જે હાલ બ્લોક નં.૧૬૨ વાળી આવેલી છે.

પશ્ચિમે :– બકોરજી કાનાભાઈની જે હાલ બ્લોક નં.૧૫૭ વાળી જમીન આવેલી છે.

ઉત્તરે:– ઉત્તરે સરકારી માર્ગ તથા બ્લોક નં.૨૭૯ વાળી જમીન આવેલ છે.

દક્ષિણે :– જેહાભાઈ લખુભાઈની જમીન જે હાલ બ્લોક નં.૧૬૦ વાળી જમીન આવેલી છે.

ઉપરોકત બ્લોક/સર્વે નં.૧૬૧ વાળી જમીન વાદીના પિતાએ વીલથી વહેચણી કરી વાદીને આપેલ છે અને પ્રતિવાદીએ સદર જમીનમાં તેમની દાનત સારી ન હતી તથા વાદીના પિતાને ઉલટા સૂલટી વાતો બનાવીને તથા વાદીના વડીલ કેફી દ્રવ્ય પિતા હોઈ તેમને નશો કરાવીને તે જમીનનો પડાવી લેવાના બદ આશયથી આ કામના પ્રતિવાદીએ તા.૨૭/૬/૯૫ના રોજ જમીનના મૂળમાલીક શીવાજી એૈતાજી ચૌહાણનાઓ પાસેથી રૂા.૩૩,૮૪૦/– પુરાના અવેજ વાળા વેચાણ દસ્તાવેજ નં.૪૫૯/૯૫નો કરાવી લીધેલો છે અને તે દસ્તાવેજ કરાવી લીધાને ગુજરનાર શીવાજી એૈતાજી ચૌહાણના કોઈપણ વારસદારોને જાણ કે ખબર નથી. પરંતુ ગુજરનાર શીવાજી એૈતાજી ચૌહાણનાઓએ કરી આપેલ વીલની વહેચણીની જાણ તમામ વારસદારોને હોઈ વીલની થયેલ વહેચણી મુજબ તમામ વારસદારોને જમીનનો વહેચણી થયેલ અને સર્વે વારસદારોના ભાગે આવતી જમીનોની નોધ થતા રેકર્ડમાં વારસદારોના નામ આવી ગયેલ છે.

સદર દાવો કરવા માટેનું કારણ મોજે.ગામ ઘોડાસર તા.મહેમદાવાદની સીમનાં આવેલ જમીન જેનો સર્વે નં.૧૬૧નો ખાતા નં.૫૨૭ વાળી ક્ષેત્રફળ ૦–૭૩–૮૬ હે.આરે.ચોમી આકાર ૩.૧૯ પૈસાવાળી જમીનની વાદીના પિતાએ વીલ કરી વાદીને વહેચણીમાં આપેલ અને તે વીલની વહેચણીના આધાર વાદી માલીક થયેલા અને માલીકી હક્ક ભોગવાતા આવેલ છે અને સદરહું જમીનમાં પ્રતિવાદીની બદ દાનત થયેલ અને જમીન પડાવી લેવાના બદ આશયથી વાદીના પિતા તથા પ્રતિવાદીઓના પિતા નામે શીવાજી એૈતાજી ચૌહાણનાઓને ફોસલાવી પટાવી માદક પીણુ પીવડાવી બે ભાન અવસ્થામાં પ્રતિવાદીએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લઈને ખોટો દસ્તાવેજ હોવા છતાં તે સાચો ગણાવી વાદીનો માલીક હક્ક નષ્ટ કરવા માટે તથા દસ્તાવેજના આધારે માલીક બનવા માટે ચુકતી રચેલ હોઈ વાદીને સદર જમીનમાંથી બેદખલ ના થઈએ વાદીનો માલીક હક્ક તથા માલીકપણ પસ્થાપિત થયેલ હોઈ પ્રતિવાદી દસ્તાવેજના આધારે કબજો તથા વાદીના હકોને નુકશાન ન કરે તે માટે દાવા

કર્યા વિના નિવારક દાદ મળી શકે તેમ ન હોઈ મનાઈ અરજી કરવા માટે આ મનાઈ અરજીનું કારણ ઉભું થયેલ છે.

વાદીએ હાલની મનાઈ અરજી દાખલ કરી દાદ માંગેલ છે કે, મોજે.ગામ ઘોડાસર તા.મહેમદાવાદની સીમનાં આવેલ જમીન જેનો સર્વે નં.૧૬૧નો ખાતા નં.૫૨૭ વાળી ક્ષેત્રફળ ૦–૭૩–૮૬ હે.આરે.ચોમી આકાર ૩.૧૯ પૈસાવાળી ખેતીની જમીન પ્રતિવાદી વેચાણ, ગીરો કે બક્ષીસ કે બોજો લે નહી કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી વાદીના લાભમાં અને પ્રતિવાદીના વિરુધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ આપવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) સદર અરજી લગત પ્રતિવાદી સામે એકતરફી મનાઈહુકમ આપતા પહેલાં પ્રતિવાદીને સાંભળવા જણાતા હોય પ્રોસેસ–ફી ભરેથી તેમજ જરુરી નકલ–ફી ભરેથી પ્રતિવાદી સામે અરજન્ટ નોટીસ કાઢવાનો હુકમ કરેલ છે જે સમન્સ/નોટીસ પ્રતિવાદી ઓને બજી જતા આંક–૧૮ થી લેખીત જવાબ રજુ કરી વાદીની મનાઈ અરજીની કબુલત કર્યા સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ જણાવેલ છે કે, વાદીના દાવાને સિવિલ પ્રો. કો., સ્પે. રીલીફ એકટ, લીમીટેશન એકટ તથા ગુજરાત કોર્ટ ફી એકટનો બાધ નડે છે. વાદી ચોખ્ખા હાથે આવેલ નથી અને દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય રદ થવા પાત્ર છે. વાદીએ દાવાનું કોઈ વ્યાજબી કારણ જણાવેલ ન હોય દાવો ચાલવા પાત્ર નથી. પ્રતિવાદીએ વાદીના દાવાને પેરા વાઈસ ઈનકાર કરી તે હકીકત કબુલ અને બંધનકર્તા ન હોવાનું જણાવેલ છે. તેમજ ખરી હકીકતમાં પ્રતિવાદી તરફે જવાબમાં કોઈ હકીકત જણાવેલ નથી.

(૨.૧) આ કામે વાદી તરફે નિ.૩/૧ થી નિ.૩/૧૨ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૩) વાદીની દાવા અરજીના કથનો ધ્યાને લેતાં નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. ?**

**(૨) શું સગવડતા–અગવડતાનું પલ્લુ વાદીની તરફેણમાં છે. ?**

**(૩) શું વાદીને માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં ન**

**આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. ?**

**(૪) શું હુકમ ?**

(૪) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ આપુ છુ.

**(૧) અંશ:ત હકારમાં,**

**(૨) અંશ:ત હકારમાં,**

**(૩) અંશ:ત હકારમાં,**

**(૪) આખરી હુકમ.**

(૫) આ કામે વાદીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી. પ્રતિવાદીના વિ.વ.શ્રીએ આંક–૨૫ થી લેખીત દલીલો રજુ રાખેલ છે. જેની ચર્ચા કારણો હવે કારણો સાથે કરવામા આવેલ છે.

## :: કારણો ::

## (૬) <u>મુદા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા :</u>

મુદા નં.૧ થી ૩ ની હકીકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી ચર્ચાનું પુનરાવર્તન અટકાવવાના હેતુથી તમામ મુદાઓની એકી સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

આ કામે વાદીની હાલની અરજી તેમજ રજુઆત મુજબ **સીવીલ પ્રોસેજર કોડ –૧૯૦૮, ઓર્ડર–૩૯, રુલ–૧,૨ તેમજ કલમ–૧૫૧ અન્વયે પ્રતિવાદીઓ સામે દાખલ કરી કામ ચલાઉ મનાઈહુકમની માંગણી કરેલ છે. સદર અરજી નકકી કરતા પહેલા કાયદાના પ્રબંધો જોઈએ તો, સી.પી.સી. ઓર્ડર ૩૯, રૂલ ૧,૨ મુજબ જયારે તકરારી મીલકત જો ખોટી રીતે નાશ પામતી હોય અથવા તો ગેરકાયદેસર તબદીલ થવાની હોય કે થયેલ હોય તેમજ પ્રતિવાદી તરફે જો નાશ કે તબદીલ કરવા માટે ધાક ધમકી આપવામાં આવતી હોય અથવા પ્રતિવાદી કે વાદીના કબજામાં બેદખલ કરવાનો પ્રશ્ન હોય અથવા કોઈ મીલકત સબંધી ગેરકાયદેર કાર્યવાહી થતી હોય**

**તેવા સંજોગોમાં વાદી ન્યાયીક તેમજ રક્ષણાત્મક દાદ મેળવવા હકકદાર બને છે. વધુમાં કામ ચલાઉ મનાઈ હુકમ આપતી વખતે એ ઘ્યાને લેવાનું હોય છે કે, કોર્ટ સમક્ષ જેના ઘ્વારા દાદ માંગવામાં આવેલ છે તે પ્રથમ દર્શનીય રીતે સંતોષકારક છે કે કેમ? પરંતુ એ જરુર નથી કે કોર્ટે કેસની ગુણંવતાની એવી ખાતરી કરવી કે દાદ માંગનાર અંતે સફળ થવાનો છે.**

વાદી તરફે મુખ્ય તકરાર જોવામા આવે તો દાવાવાળી જમીન વાદીએ તેમના વડીલ પાસેથી વીલ આધારે તેઓને વહેંચણીમાં મળેલ હોય તેવું જણાવેલ છે. જયારે પ્રતિવાદી તરફે સદર જમીન તેઓને રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી મળેલાનું જણાવેલ છે.

જે બાબતે વાદી તરફે રજુ નિ.૩/૧ , ૩/ર થી ગામ નમુના નં.૭ તથા ૮–અ મા મોજે ધોડાસર, તા.મહેમદાવાદના સર્વે નં.૧૬૧ પૈકી જુની શરતની જમીન જે ખાતા નં.પર૭, જેનુ ક્ષે.૦–૭૩–૮૬ હે.આરે.ચોમી.વાળી જમીનમા કબજેદાર તરીકે વાદી હીરાબેન શીવાભાઈનું નામ તા.૦પ/૯/ર૦૧પ તથા તા.૦૪/૧ર/ર૦૧૦ ની સ્થિતિએ જણાય છે.

વાદી તરફે રજુ નિ.૩/૩ થી વાદીએ ગામ નમુના નં.૬ હકકપત્ર નોંધ નંબર પ૮૩૯ તા.૧૭/૪/ર૦૦૧ ની રજુ રાખેલ છે જેમાં કબજેદાર તરીકે શીવાજી એતાજી ચૌહાણ જેઓની વડીલો પાર્જીત જમીનનું વીલ તા.ર૭/૧/૧૯૮૯ ના રોજ કરેલ છે જેમાં જીવાભાઈ શીવાભાઈ ચૌહાણને સર્વે ન.૮૧પ ક્ષેત્રફળ ૦–૩પ–૪૧ હે. આર. ચો. મી. તથા સર્વે નં.૧૬૩ પૈકી ક્ષેત્રફળ ૦–૮૪–૯૧, હે. આરે. ચો. મી. ની વિગત જણાવેલ છે અને વીલ કરી આપનાર તા.૧૧/૦૮/૧૯૯૬ ના રોજ મરણ ગયેલ છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે.

વાદી તરફે રજુ નિ.૩/૪ થી વાદીએ ગામ નમુના નં.૬ હકકપત્ર નોંધ નંબર પ૮૪૦ તા.૧૭/૪/ર૦૦૧ ની રજુ રાખેલ છે. જેમાં જમીનના કબજેદાર શીવાજી એતાજી ચૌહાણે તેમના દીકરા રામાભાઈ શીવાભાઈને ધોડાસરની સીમ જમીન સર્વે નં.૮૪પ જેનું ક્ષેત્રફળ ૦–ર૦–ર૩ તથા અન્ય કુણા ગામની જમીનનું વીલ કરી આપેલ હોય અને વીલ

કરનાર તા.૧૧/૮/૯૬ ના રોજ મરણ ગયેલ હોય જે આધારેની નોંધ પ્રમાણીત થયેલ છે.

વાદી તરફે રજુ નિ.૩/૫ થી વાદીએ ગામ નમુના નં.૬ હકકપત્ર નોંધ નંબર ૫૮૪૧ તા.૧૭/૪/૨૦૦૧ ની રજુ રાખેલ છે. જેના કબજેદાર તરીકે શીવાજી એતાજી ચૌહાણે તેમની વડીલોપાર્જીત જમીનનું રજીસ્ટર વીલ તેમના દીકરા રમણજી શીવાજી ચૌહાણને કરી આપેલ જેઓ તા.૧૧/૮/૯૬ ના રોજ મરણ ગયેલ અને તેમના દીકરા રમણભાઈ શીવાભાઈ તા.૧૨/૮/૯૨ ના રોજ મરણ ગયેલ હોય, તેમના વારસદાર તરીકે ભાનુબેન રમણભાઈ તથા અલ્પાબને રમણભાઈનું નામ સર્વે નં.૨૭૯ જેનું ક્ષેત્રફળ ૦–૮૯–૦૩ હે. આરે. ચો. મી. તથા સર્વે નં.૧૫૦ જેનું ક્ષેત્રફળ ૦–૬૨–૭૩ હે. આરે. ચો. મી. તથા સર્વે નં.૮૪૩ જેનું ક્ષેત્રફળ ૦–૫૨–૬૧ હે. આરે. ચો. મી. આધારે વીલ કરી આપનારનું નામ કમી કરી વીલ લેનારના નામની દાખલ નોંધ તા.૨૭/૧/૧૯૮૯ ના રોજની કરેલ છે.

વાદી તરફે રજુ નિ.૩/૬ થી વાદીએ ગામ નમુના નં.૬ હકકપત્ર નોંધ નંબર ૫૮૪૨ તા.૧૭/૪/૨૦૦૧ ની રજુ રાખેલ છે. જેમાં કબજેદાર તરીકે શીવાજી એતાજી ચૌહાણની વડીલોપાર્જીત જમીનનું વીલ તા.૨૭/૧/૮૯ ના રોજ તેમની પત્નિ ચંદાબેન શીવાભાઈ તથા દીકરી હીરાબેન શીવાભાઈ એટલે કે વાદી ને સર્વે નં.૧૬૧ જેનું ક્ષેત્રફળ ૦–૭૩–૮૬ તથા અન્ય જમીન ની વિગત આધારે વીલ કરી આપનાર તા.૧૧/૮/૯૬ ના રોજ મરણ ગયેલ હોય વીલ લેનારનું નામ દાખલ કરી નોંધ તા.૧૬/૦૭ ના રોજ પ્રમાણીત થયેલાનું જણાય છે.

વાદી તરફે રજુ નિ.૩/૭ થી વેચાણ દસ્તાવેજનો રજીસ્ટર નં.૪૫૯/૧૯૯૫ તા.૨૭/૦૬/૧૯૯૫ નું ધ્યાને લેતાં વેચાણ આપનાર તરીકે ચૌહાણ શીવાજી એતાજી તથા વેચાણ રાખનાર તરીકે પ્રતિવાદી ચૌહાણ રામાભાઈ શીવાભાઈનું નામ છે. જે ઘોડાસરની સીમ જમીન સર્વે નં.૧૬૧ જેનું ક્ષેત્રફળ ૦–૭૩–૮૬ હે. આરે. ચો. મી. વાળી જમીન રૂા.૨૧,૦૬૫/– ના અવેજથી કબજા સાથે વેચાણ આપેલાનું જણાય છે.

જેમાં વેચાણ આપનાર વેચાણ રાખનારની સહી તથા અંગુઠા તથા સાક્ષીની સહી સબ રજીસ્ટરની કચેરીએ કરેલાનું જણાય છે.

વાદી તરફે રજુ નિ.૩/૮ તથા નિ. ૩/૯ થી વાદીએ વેરાની પહોંચ રજુ રાખેલ છે. જેમાં ઘોડાસર ગામના ઘર નં.૯૪૫ ની ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ નો વેરો ભાનુબેન રમણભાઈ ચૌહાણના નામે ભરેલાની પહોંચ છે.

વાદી તરફે રજુ નિ.૩/૧૦ થી વાદીએ પ્રતિવાદી તથા અન્ય ઈસમો સામે મહેમદાવાદ પોલીસ સ્ટેશને તા.૨૧/૧૧/૨૨ ના રોજ દાવાવાળી જમીન તથા અન્ય જમીન બાબતે પ્રતિવાદી સાથે તકરાર તથા મારામારી થયેલાનું તથા જમીનનો કબજો ખાલી કરાવવા બાબતે ફરિયાદ આપેલાનું જણાય છે.

વાદી તરફે રજુ નિ.૩/૧૧ તથા નિ.૩/૧૨ થી વાદીએ ગામ નમુના નં.૭ તથા ૮-અ રજુ રાખેલ છે જેમાં બ્લોક સર્વે નં.૧૬૧ ખાતા નં.૫૨૭ વાળી ઘોડાસરની જુની શરતની જમીન જેનું ક્ષેત્રફળ ૦-૭૩-૮૬ ના કબજેદાર તરીકે પ્રતિવાદી રામાભાઈ શીવાભાઈ ચૌહાણનું નામ તા.૦૩/૦૯/૨૨ ની સ્થિતીએ જણાય છે.

વાદી તરફે રજુ નિ.૨૩/૩ તથા નિ.૨૩/૪ થી વાદવાળી જગ્યાનુ કોર્ટ કમીશ્નર મારફતનુ પંચનામુ તથા નકશો રજુ કરેલ છે. જે જમીનમાં છત વગરની ઓરડી,પાકુ ધાબાવાળા બે મકાન, સંડાસ બાથરૂમ, જુનો કુવો આવેલ છે. તેમજ પશ્ચીમ તરફે ઘઉનુ વાવેતર કરેલાનુ દર્શાવેલ છે.

જે ઉપરોકત રજુ દસ્તાવેજો ધ્યાને લેતા વાદી તરફે વીલ આધારે દાવા વાળી મીલકત તેઓના કબજામાં આવેલ હોવાની દલીલમાં રજુઆત કરેલ છે. જયારે પ્રતિવાદી તરફે તેઓએ દાવાવાળી મીલકત રજી.વેચાણ દસ્તાવેજ થી ખરીદેલ તથા કબજો તેમનો હોવાનુ દલીલમાં જણાવેલ છે.

રેકર્ડ ધ્યાને લેતા, નિ.૩/૬ મુજબ વાદીના નામે વડીલો પાર્જીત જમીન વીલ આધારે વાદીને નોંધ નં.૫૮૪૨ થી મળેલ હોવાનુ આ તબકકે જણાય છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે. તેમજ નિ.૩/૧ તથા નિ.૩/૨ વાળા રેવેન્યુ રેકર્ડમાં દાવાવાળી

મીલકતમાં તા.૦૪/૧૨/૨૧ ના રોજ વાદીનુ નામ ચાલતુ હતુ. જયારે નિ.૩/૭ વાળો વેચાણ દસ્તાવેજ જોતા દાવાવાળી જમીન પ્રતિવાદીએ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૪૫૯ થી ૧૯૯૫ માં ખરીદ કરેલાનુ જણાય છે. તેમજ નિ.૩/૧૧ તથા નિ.૩/૧૨ વાળા રેવેન્યુ રેકર્ડમાં દાવાવાળી મીલકતમાં કબજેદાર તરીકે પ્રતિવાદીનું નામ તા.૦૩/૦૯/૨૨ ની સ્થિતીએ જણાય છે. સદર કામે વાદી તરફે વીલ રજુ કરવામાં આવેલ નથી. વધુમાં વીલ કયા સંજોગોમાં કરવામાં આવેલ તે અંગેનો પુરાવો લેવાનો બાકી છે. તેમજ વેચાણ દસ્તાવેજની હકીકત અંગે પણ પુરાવો લેવાનો બાકી છે. જે ધ્યાને લેતા વાદીનો અંશ:ત પ્રાયમાફેસી કેસ જણાય આવે છે. તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમા અંશ:ત જણાય આવે છે. વધુમા વાદીનો અંશ:ત પ્રાયમાફેસી કેસ  હોય વાદીને મનાઈ અરજી મંજુર કરવામા ના આવે તો વાદીને નાણામા માપી ના શકાય તેવુ નુકશાન થાય તેમ જણાય છે. જે ધ્યાને લેતા મુદા નં.૧ થી ૩ નો જવાબ અંશ:ત હકારમા ઠરાવી તથા મુદા નં.૪ પરત્વેનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) વાદીની આંક–૫ ની અરજી અંશ:ત મંજુર કરવામાં આવે છે.

(૨) આથી પ્રતિવાદી વિરુધ્ધ એવો હુકમ કરવામાં આવે છે કે, મોજે ધોડાસર તા.મહેમદાવાદની સીમમાં આવેલ જમીન સર્વે નં.૧૬૧ જેનો ખાતા નં.૫૨૭ ક્ષેત્રફળ ૦–૭૩–૮૬ હે.આરે.ચોમી. વાળી ખેતીની જમીન પ્રતિવાદીએ દાવાનો આખરી નિકાલ ન થાય ત્યા સુધી યથાવત પરિસ્થિતીમાં જાળી રાખવી.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

Date: 01/04/2025 (MANAN S. SONI)
Mahemdavad. Principal Civil Judge & JMFC,
Mahemdavad, JUDGE CODE: GJ01262.